જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.03/૦૮/૨૦૧૮ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૮૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૫૨ લીટર દેશી દારૂ, ૧૩૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૩ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૮૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૪૮૨/૧૮

**ખોખરાઃ** અશોકભાઇ મણીલાલ શર્મા (રહે. ભાલકેશ્વર સોસાયટી નવા અનાજ બજાર સામે ડી-૩૩ દવાખાના સામે ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૮/૧૮ કલાક ૪/૧૫ વાગ્યા પહેલા પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણ્યો પુરૂષ (૩૫ વર્ષના આશરાનો) મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.કે.ચાવડા ચલાવે છે.

## ચોરી :- સમાચાર યાદી નં.૧૪૮૩/૧૮

**નવરંગપુરાઃ** મહેન્દ્રભાઈ માવજીભાઇ પટેલ (ઉ.વ.૫૨)(રહે,અવધ પાર્ક લેંડ સાયન્સ સિટી રોડ, સોલા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૮/૧૮ બપોરના ૨/૦૦ થી ૨/૧૫ વાગ્યા દરમ્યાન પોતાની જવેલર્સની દુકાનમાં ડીલીવરી મેન તરીકે કામ કરતા કનુસિંહ ચાવડા જવેલર્સની ડીલીવરી કરવા જતા હતા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ બોડીલાઈન ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કનુસિહને રોકી પોલીસની ઓળખ આપી “હાલમા ૧૫ મી ઓગસ્ટનુ ચેકીંગ ચાલે છે અને તારા થેલામા કઈક ડ્રગ્સ જેવી ચીજવસ્તુ હોય તેવી મને શંકા છે” અમારા સાહેબ પાસે થેલાનું ચેકિંગ કરવુ પડશે. તેમ કહી ધમકાવી નજીકમાં આવેલ તનિષ્ક શો રૂમની નીચે બીજા પુરૂષ પાસે લઈ જઈ બન્ને પુરૂષોએ ભેગામળી કનુસિહ પાસેના થેલામાં ચેક કરવાના બહાને યુક્તિ-પ્રયુક્તિ કરી થેલમાંથી દાગીનાનું એક બોક્ષ કનુસિંહની નજર ચુકવી ચોરી કરી લીધુ હતુ. જે બોક્ષમા દાગીના કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- મતાના હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

**એલીસબ્રીજઃ** અનીષભાઇ રમેશભાઇ ગાંધી (ઉ.વ.પર)(રહે.અનીષ બંગ્લોઝ જુના સચીવાલય સામે પાંજરાપોળ) એ તા.ર/૮/૧૮ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.ર૩/૦૭/૧૮ રાતના ૧૧/૦૦ થી તા.ર૪/૦૭/૧૮ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે કામ કરતા રમેશભાઇ કોયાભાઇ બારોટ (ઉ.વ.૪૦)(રહે.મીઢાકવા બચરીયા તા-સીમનવાડા જિલ્લો-ડુંગરપુર રાજસ્થાન) અનીષભાઇના ઘરમાંથી સોનાનુ પેડલ કિમત રૂપિયા ૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,ર૫,૦૦૦/- મુકેલ બેગની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.પી.જેબલિયા ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૮૪/૧૮</u>**

**વાડજઃ** અરભમભાઇ લીલાભાઇ મોઘવાડીયા (ઉ.વ.૫૪)(રહે,કીંદરખેડા ગામ, વાડી વિસ્તાર તા.પોરબંદર જી-પોરબંદર) એ તા.૦૧/૦૮/૧૮ રાતના ૧૦/૩૦ વાગે જુના વાડજ સંજીવની હોસ્પીટલની સામે પોતાની બોલેરે ગાડી નંબર જીજે.૧૪.એક્સ.૦૮૫૭ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી તી. જેની ચોરી તા.૦ર/૦૮/૧૮ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદા અરભમભાઈ મોધવાડીયાએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.પુરોહિત ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૮૫/૧૮</u>**

**શાહપુરઃ** અમુતલાલ સ/ઓ ન્યાલચંદ શાહ (ઉ.વ.૭૩) (રહે. ધવલગીરી એપાર્ટમેન્ટ શાહપુર બહાઇ સેન્ટર) એ બિમારીથી કંટાળી તા.ર/૮/૧૮ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકની ગેલેરીમાંથી નીચે પડતુ મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમા લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એસ.ઈસરાણી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.